જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૦૨૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૯ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૮૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ બીયર ટીન, ૪ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૧,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૩૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૪૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૩૧/૧૭</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રાજેશ કૃષ્ણલાલ વર્મા (રહે. સુંદરગોપાલ કોમ્પલેક્ષ આંબાવાડી સર્કલ) એ તા.૭/૧૦/૧૭ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા ગુ.ટેકરા શાખા ખાતેથી આરોપી (૧) મોહંમદ નાવેદઅખ્તરભાઇ દેસાઇ (ઓફીસ.૬૦/૨ કામદાર મેદાન રખીયાલ અમદાવાદ) (રહે.૧૯ બહેરીસ્તા કો.હા.સોસાયટી સ્તબર ટાવર પાછળ સરખેજ રોડ વેજલપુર) અને (૨) અખ્તરભાઇ હુસેનભાઇ (રહે. બહેરીસ્તા કો.હા.સોસાયટી સ્તબર ટાવર પાછળ સરખેજ રોડ વેજલપુર) એ ભેગા મળી સિલાઇ મશીન મેળવવાના બહાને બેન્કમા લોન અંગેની પ્રોસીજર કરી લોન પેટે રૂપિયા ૩૯,૦૦,૦૦૦/- મેળવી બેન્ક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.ચંપાવત ચલાવે છે.

**ચાંદખેડાઃ** રાજેશકુમાર વિજયકુમાર નાયક (રહે. કેશવનગર સોસાયટી,આઈ.ટી.આઈ પાસે રાણીપ) એ તા.૭/૧૦/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)ગોવિંદભાઈ ગુર્જર અને (૨)પ્રવિણભાઈ ખટાણા (દુકાન નં-૭ ગુર્જરજી અપના રીયલ એસ્ટેટ ઓરેન્જમોલ ચાંદખેડા) એ ભેગા મળી રાજેશકુમાર તથા અન્ય સાહેદો પાસેથી ગુર્જરજી અપના એસ્ટેટના નામથી માસીક તથા ડીઈલી હપ્તેથી સસ્તા મકાન આપવાનો વિશ્વાસ ભરોસો આપી બચત ડીપોઝીટ પર ઉંચુ વ્યાજ આપવાની લોભામણી જાહેરાત કરી નાણા ઉઘરાવી મુદત અંદર સસ્તા મકાન નહી આપી રૂપિયા ૧૩,૩૭,૫૭૦/- તથા તેથી વધુ રકમની છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**કાગડાપીઠઃ** અરૂણભાઇ જ્વાલાપ્રસાદ તુલસ્યાન (રહે. સત્યાગ્રહ છાવણી ઇસરોની સામે સેટેલાઇટ) એ તા.૭/૧૦/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે દુકાન નં ૪૨-૪૩ હીરાભાઇ માર્કેટમા કાંકરીયા ખાતે કાર્તીક ક્લોથીંગ એન્ડ ફેબ્રીક્સ પ્રા.લી.નામની કાપડની પેઢીમાં નોકરીના સમયમાં આરોપી (૧) ભરતકુમાર પદમાજી પ્રજાપતિ (રહે. શિવશક્તિ સોસાયટી નટવર ફ્લેટની પાછળ યમુનાજીની હવેલી સામે ભાડૂઆતનગર ઇસનપુર રોડ મણીનગર) (૨) યોગેશ કિશનભાઇ પ્રજાપતિ (રહે. સ્વસ્તિક રાજપથ બંગ્લોઝ પાસે સ્મૃતિ મંદીર રોડ ઘોડાસર) અને (૩) મહેશ પદમાજી પ્રજાપતિ (રહે. શિવશક્તિ સોસાયટી નટવર ફ્લેટની પાછળ યમુનાજીની હવેલી સામે ભાડૂઆતનગર ઇસનપુર રોડ મણીનગર) એ ભેગા મળી અરૂણભાઇ તુલસ્યાનની જાણ બહાર કાપડના માલના રૂપિયા ૭૫,૪૮,૭૧૭/- બારોબાર મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ કાગડાપીઠ પોલીસ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૨/૧૭**

**વસ્ત્રાપુરઃ** દીનદયાલ બંસીદાસ વૈષ્ણવ (રહે. સુરધારા બંગલો કંટ્રી ઇન હોટેલની બાજુમા થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧૦/૧૭ કલાક ૭/૦૦ થી તા.૬/૧૦/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૦૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.આર.ગામિત ચલાવે છે.

**બાપુનગરઃ** ભગીરથભાઇ નટવરલાલ જોટાણી (રહે. લુહરા શેરી હરીભાઇ ગોધાણીના દવાખાના પાસે સરસપુર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૦/૧૭ રાતના ૮/૦૦ થી તા.૭/૧૦/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર ૧૯ પંચાલ એસ્ટેટ જય ભારત રંગશાળા કંપાઉન્ડ તથા આજુબાજુના કારખાનાના શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ડીવી.આર.-૩, ચાંદીના તેમજ તાંબાના સિક્કાઓ અને રોકડ રૂપિયા ૩૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મથુરભાઇ ફતાભાઇ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૩૩/૧૭**

**શાહીબાગઃ** કમલેશભાઇ લાલભાઇ પટેલ (રહે. દેવાંશ બંગ્લોઝ અમીનના દરવાજા સામે સુરધારા પાર્ક સાલ હોસ્ટેલ પાસે થલતેજ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૧૦/૧૭ સવારના ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન શાહીબાગ કેમ્પ હનુમાન મંદીરના ગેટ પાસે આર્મી પુનઃવસવાટ કેન્દ્રના ગેટની ડાબી બાજુ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેજની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૩૪/૧૭**

**રામોલઃ** વિનોદ હાકરૂભાઈ સુવર (ઉ.વ.૨૮) (રહે. કેંસાસ બંગ્લોઝ વસ્ત્રાલ) તા.૭/૧૦/૧૭ બપોરના ૨/૫૦ વાગ્યાના સુમારે બ્રેકર મશીનથી કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા બેભાન થઇ જતા સારવાર માટે ઓઢવ સેન્ટ્રલ યુનાઈટેડ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃતજાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૦૩૫/૧૭**

**નરોડાઃ** ઇશ્વર રમણ કટારા (ઉ.વ.30) નવા નરોડા ફોર્ચ્યુન હાઇટસની નવી બનતી સાઇડ પર રહેતા અને તે જ સાઈટ ઉપર કામ કરતા હતા. તા.૭/૧૦/૧૭ સવારના ૭/30 વાગ્યાના સુમારે સાઈટ નજીક પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ માધુસિહ ચલાવે છે.

**નરોડાઃ** ધનશ્યામભાઇ હસરાજભાઇ ખોખર (ઉ.વ.૩૫) (રહે.નારાયણપાર્ક ગોપાલચોક પાસે નરોડા) તા.૭/૧૦/૧૭ બપોરના ૨/30 વાગ્યાના સુમારે નરોડા શ્રીહરિ ગીફ્ટ સીટી 'એ' બ્લોક સાઇડ ઉપર આઠમા માળના ધાબા ઉપર રેતી ચઢાવવા લીફ્ટ ગોઠવતા હતા તે વખતે ધનશ્યામભાઇ લીફ્ટ ચેક કરવા ગયેલ તે સમયે લોખંડની લીફ્ટ સાથે આઠમા માળના ધાબા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૩૬/૧૭**

**બાપુનગરઃ** ચિરાગભાઇ જીતેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે.લા.બ.શા એપાર્ટમેન્ટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૬/૧૦/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે હિંચકાના કડા સાથે કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** કસ્તુરીબ્હેન ઉર્ફે નંદા વા/ઓ કેશવકુમાર મરાઠી (રહે.બાબુ રાજારામની ચાલી લવકુશ બંગલાની સામે જોગેશ્વરી રોડ અમરાઇવાડી) અગમ્ય કારણસર તા.૭/૧૦/૧૭ કલાક ૮/૧૫ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિશનરશ્રી "આઇ" ડિવિઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.